R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

DECMBER - 2017

Total - 36 Pages

Vol No. 61 Issue No.9

## સુવર્ણ રંગ, સુવર્ણ ઉત્સાહ ક્રિકેટનો



**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**સંચાલીત શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીયા (સુરતવાળા)**

**પુરસ્કૃત બાલાસિનોર ક્રિકેટ એક્ટીવીટી**

# ક્રિકેટ - ગોલ્ડન જ્યુબીલી વર્ષ

બાળકો - યુવાવર્ગમાં સૌથી કોઈ પ્રિય રમત હોય તો તે ક્રિકેટ છે. બાલાસિનોરના ઈતિહાસમાં ક્રિકેટ આગવું સ્થાન ધરાવે છે. જે રીતે સમાજના સર્વાંગીણ વિકાસ માટે વિવિધલક્ષી યોજનાઓ અમલમાં મૂકાઈ છે, નવી નવી રાહતસભર યોજનાઓ આવતી રહે છે. તેની જ રીતે આજથી ૫૦ વર્ષ પહેલાં યુવા વર્ગને લક્ષ્યમાં રાખીને ક્રિકેટનું આયોજન થયું હતું.

રમત-ગમતના આ માધ્યમ દ્વારા આપણે યુવા વર્ગને એકત્રિત કરીએ છીએ. તેઓ એકબીજાથી પરીચિત થાય, ઓળખાણ વધે છે, ભાઈચારો કેળવાય છે, સંગઠન ભાવ પ્રબળ બને છે. એક સમાજના ઉત્કર્ષમાં યુવાનોનો અનન્ય ફાળો રહેલો છે.

સંઘ આ વર્ષ ક્રિકેટ એક્ટીવીટીનું ૫૦મું વર્ષ (ગોલ્ડન જ્યુબીલી) ઉજવી રહ્યું છે અને તે પ્રસંગે કોરપસ (ફંડ) ભેગું કરવા વિચાર્યું છે. મોંઘવારીની અસર સર્વત્ર વર્તાય છે. વધતી જતી મોંઘવારીને લીધે ગ્રાઉન્ડના ભાડામાં ઘણો વધારો થઈ ગયો છે. ક્રિકેટ-કીટ્સ વગેરે ખૂબ મોંઘા થઈ ગયા છે.

અમને જણાવતાં હર્ષ થાય છે કે **રૂા. ૧૧ લાખ**ના દાતા માટે જે ટહેલ નાખી હતી, તેને જબ્બર પ્રતિસાદ મળ્યો. આ યોજનાના દાતા એટલે **શ્રીમતી મનોરમાબેન હસમુખભાઈ ધારીઆ (સુરતવાળા) હસ્તે શ્રી અલ્પેશભાઈ ધારીઆ.** તેમણે આપણી સંસ્થા માટે એક ઉમદા, સરાહનીય કાર્ય કરી સૌને પ્રોત્સાહિત કર્યા છે. તે બદલ સંસ્થા ધન્યવાદ પાઠવી હર્ષ અનુભવે છે. આ યોજના હેઠળ એકત્રિત થનાર આ કોરપસ (ફંડ) માં જે વ્યક્તિ **રૂા. ૨૫,૦૦૦/- કે તેથી વધુ** દાન આપશે તે દાતાનું નામ ગોલ્ડન જ્યુબીલી ક્રિકેટ સોવિનિયરમાં સમાવેશ કરવામાં આવશે.

અત્રે, આ અપીલ દ્વારા યુવાવર્ગને રોમાંચિત કરતી, તેઓનો વિકાસ કરતી આ રમત - ક્રિકેટ માટે અમે તમારી સમક્ષ ટહેલ નાખીએ છીએ. આપ આ કાર્યને બિરદાવી, અંગત રસ લઈ આપનો અનન્ય ફાળો નોંધાવશો. અમારું કોરપસ (ફંડ) છલોછલ કરી અમારા આ કાર્યને વેગ આપવા નમ્ર વિનંતી.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સેવાના અનેક કાર્ય કરે છે. સંઘ દ્વારા સમાજ માટે ઘણી યોજનાઓ અત્યારે પ્રવૃત્ત છે. એક રીતે આ અલગ ભંડોળ એકત્રિત કરવા માટેનો હેતુ સંઘ પર કંઈ દબાણ કે ભાર ન આવે તે મુખ્ય છે. આ કાર્યથી સંઘને ક્રિકેટ માટે અલાયદા ભંડોળની વ્યવસ્થા નહીં કરવી પડે અથવા નહીંવત કરવી પડશે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની સર્વ પ્રવૃત્તિઓ દર વર્ષની માફક ધમધમતી રહે, વધુ વેગવંતી બને, સંઘને ક્રિકેટ માટે અલગ ભંડોળ ફાળવવાનો બોજો ન આવે તેવા ઉદ્દેશ સાથે અમે આ ટહેલ નાખીએ છીએ. અમારા આ કાર્યને બિરદાવી આપ જરૂરથી ફાળો નોંધાવશો તેવી નમ્ર વિનંતી. ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વીકાર્ય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રમુખ** | : | **શ્રી સૌમિલ મોદી** | **મંત્રી** | : | **શ્રી ભાવેશ મોદી** |
| **ચેરમેન** | : | **શ્રી કાર્તિક કડકીયા** | **સંયોજક** | : | **શ્રી સંજીવ ધારીયા** |
| **કો.આર્ડિનેટર** | : | **શ્રી જીગર કડકીયા** | **સલાહકાર** | : | **શ્રી અલ્પેશ ધારીયા** |

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૧ | ૯ | ૨૧-૧૨-૨૦૧૭ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# મુદ્રા

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

**લગ્નસરાની મોસમમાં સાજા નરવા રહેવાની વિજ્ઞાન-કળા, મહામૂલી ચિકિત્સા**

મુદ્રા વિજ્ઞાન પ્રાચીન ભારતીય ઋષીઓના ઊંડા અધ્યયનનું પરિણામ છે. મુદ્રાથી વ્યક્તિના સ્નાયુ તથા ગ્રંથિતંત્ર પ્રભાવિત થાય છે. તેમજ વ્યક્તિ વિકાસ તથા ઈચ્છિત સ્વભાવ પરિવર્તન થાય છે. મુદ્રાઓનો અભ્યાસ ખૂબ પ્રભાવશાળી વૈજ્ઞાનિક છતાં પ્રયોગ કરવામાં અતિ સરળ છે. મનુષ્યનું શરીર બ્રહ્માંડની એક નાની પ્રતિકૃતિ જ છે. જો આપણે શરીરના રહસ્યો જાણીએ તો ખબર પડે કે આપણું શરીર એટલું સક્ષમ બનાવ્યું છે કે જેટલી શરીરમાં તકલીફો ઊભી થાય છે, તે દૂર કરવાની ક્ષમતા અને શક્તિ આપણા જ શરીરમાં છે.


બ્રહ્માંડની જેમ આપણું શરીર પાંચ તત્ત્વોનું બનેલું છે. આ પંચ મહાભૂત તત્વો એટલે અગ્નિ, વાયુ, આકાશ, પૃથ્વી, જળ. આપણી પાંચેય આંગળીઓ આ તત્વોનું પ્રતિનિધિત્વ કરે છે.


| | આંગળીના નામ | તત્વનું નામ |
|---|---|---|
| | અંગૂઠો | અગ્નિ |
| (પહેલી) | તર્જની | વાયુ |
| (બીજી) | મધ્યમા | આકાશ |
| (ત્રીજી) | અનામિકા | પૃથ્વી |
| (ટચલી) | કનિષ્કા (કનિષ્ઠિકા) | જળ |

અર્થાત ત્રીજી એટલે કે અનામિકા આંગળી પૃથ્વી તત્વનું પ્રતિનિધિત્વ કરે છે. તેવું દરેક માટે હાથમાં વિશેષ પ્રકારની પ્રાણ ઉર્જા, વિદ્યુત શક્તિ નિરંતર

નીકળે છે. વિભિન્ન આંગળીઓની મુદ્રાઓ શરીરમાંની ચેતના શક્તિ કેન્દ્રના રિમોટ કન્ટ્રોલના બટન સમાન કામ કરે છે.

**મુદ્રા કરતા પહેલાં પાયાના નિયમો** - પાંચ તત્વોના સંતુલનથી સ્વસ્થ રહેવાય છે. અંગૂઠાની ટોચ પર બીજી આંગળીની ટોચ મૂકવાથી તે આંગળીનું તત્ત્વ વધે છે અને આંગળીની ટોચ અંગૂઠાના મૂળ પર લગાવવાથી તે તત્ત્વ ઘટે છે. મુદ્રા દરેક સ્ત્રી-પુરુષ, બાળક-વૃધ્ધ, રોગી-નિરોગી કરી શકે છે. બંને હાથેથી મુદ્રા કરવી જોઈએ. મુદ્રા ભૂખ્યા પેટે કરવી હિતાવહ છે. મુદ્રા કરતી વખતે આંગળીઓનો અંગૂઠા સાથેનો સ્પર્શ સહજ હોવો જોઈએ. અંગૂઠાથી હલ્કુ સહજ દબાણ આપવું જોઈએ અને બાકીની આંગળી સીધી તથા એકબીજાને અડીને રહેવી જોઈએ. સીધી ન રહે તો આરામદાયક રીતે રાખવી જોઈએ. ધીરે ધીરે બિમારી મટવાથી આંગળી સીધી રહી મુદ્રા બરાબર રીતે થશે. મુદ્રાઓ ૪૮ મિનિટ આખા દિવસમાં થવી જોઈએ. સવારે ૧૫ મિનિટ, બપોરે ૧૫ મિનિટ, રાત્રે ૧૮ મિનિટ. (ધીમી શરૂઆત કરી આગળ વધી શકાય) આસન-શેતરંજી પર બેસી મુદ્રાઓ વજાસન, પદ્માસન, સુખાસન (સાદી પલાઠી)માં બેસી કરી શકાય. મુદ્રાઓથી જુદા જુદા તત્ત્વોમાં પરિવર્તન, વિઘટન, અભિવ્યક્તિ અને પ્રત્યાવર્તન થઈ તત્વોનું સંતુલન થાય છે.





**શ્રેષ્ઠ મુદ્રાઓમાંની એક અપાનવાયુ મુદ્રા :-**

**અપાનવાયુ મુદ્રા કેવી રીતે કરી શકાય ?**

તર્જનીને (પહેલી આંગળી) અંગૂઠાના મૂળ પર રાખી, મધ્યમા (બીજી આંગળી) અને અનામિકા (ત્રીજી આંગળી)ની ટોચને અંગૂઠાની ટોચને લગાવી, કનિષ્કા (ટચલી આંગળી) સીધી રાખી અપાનવાયુ મુદ્રા બને છે.

**આ મુદ્રાથી થતા વિશિષ્ટ લાભ :**

અપાનવાયુ મુદ્રામાં વાયુ મુદ્રા તથા અપાનમુદ્રા બંને સહજ બનતી હોવાથી આ બંનેના ફાયદા આ એક મુદ્રા કરવાથી થાય છે. આ મુદ્રાથી ખાસ કરીને હૃદય પર અસર થાય છે. અચાનક આવેલા હૃદયના હુમલામાં, એન્જાઈના પેઈન થતું હોય કે હાય બી.પી. થઈ જતું હોય, એ સમયમાં આ મુદ્રા કરાવાથી પ્રભાવશાળી ઈન્જેકશન કે સોરબિટ્રેટ ગોળીની ગરજ સારે છે. તેથી આ મુદ્રાને મૃતસંજીવની મુદ્રા પણ કહેવાય છે.

અપાનવાયુ મુદ્રાથી હૃદયમાં થતી ગભરામણ કે ગભરાહટ, હૃદયની મંદગતિ, હાર્ટબીટસ્ નું ચૂકી જવું (ધડકન), પેટના વાયુની ગતિ હૃદય તરફ જઈ ભીંસ આપે ત્યારે તથા હૃદયના કોઈપણ રોગ માટે ૧૫-૧૫ મિનિટ સવાર-સાંજ કરવાથી ખૂબ લાભ થાય છે. હૃદય શક્તિશાળી બને છે.

ઉજાગરા, માનસિક ચિંતા, અધિક પરિશ્રમ, માથાનો દુઃખાવો વગેરે દૂર થાય છે.



શ્રીમતી પુષ્પાબેન ભીખાલાલ કોટીઆ ના જે જે શ્રી ગોકુલેશ

શરીરમાંના વાયુ તથા પેટના વાયુથી થતા કોઈપણ દર્દમાં રાહત મળે છે. એસીડીટીની તકલીફમાં ફાયદાકારક છે. શરીરમાંનો મળ તથા વિજાતીય તત્વો દૂર થાય છે. હાથ-પગનો ખૂબ થતો પસીનો દૂર થાય છે. ૧૦-૧૫ મિનિટ અપાનવાયુ મુદ્રા કરવાથી બંધ પેશાબ શરૂ થાય છે. પેટના વિભિન્ન અવયવોની ક્ષમતા વિકસિત થાય છે.

**દાંતના દોષ તથા દર્દ દૂર થાય છે**

**શરીરનું તાપમાન સમતોલ રહે છે.**

ANUS (ગુદાના) સ્નાયુના દોષ દુર થાય છે. કોઈપણ પ્રકારના વાતના રોગમાં આ મુદ્રાથી રાહત મળે છે.

સમયે સમયે બીજી ઉપયોગી મુદ્રાઓનો ઉલ્લેખ કરતા રહીશું. આમાં કંઈ ન સમજાય તો આ લખનારને પૂછપરછ કરવી. ✤✤✤

## અંધેરી ગ્રુપ ઑફ બાલાસિનોર

અંધેરીમાં વસતા અને નવઆગંતુક બાલાસિનોરના વતનીઓને સપરિવાર સ્નેહ-ભોજન માટે ભાવભીનું નિમંત્રણ છે.

**તા. ૭ જાન્યુઆરી ૨૦૧૮,**
**રવિવાર સવારે ૧૧ થી ૨.૩૦**

**સ્થળ :**

ગોલ્ડન ચેરિયેટ હોટેલ, (હોટેલ રાધાકૃષ્ણ)
એસ.વી.રોડ, શોપર્સ સ્ટોપની સામે,
અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૮

**સ્નેહાધીન**

**પંકજ પરીખ - ૯૮૨૦૧૭૨૦૯૧***
**કલ્પેશ ધારીયા - ૯૮૨૦૫૯૭૧૪૯***
**અને કમીટી સભ્યો**

***તા. ક. :** SMS/WHAT'sAPP માં કેટલા કુટુંબના સભ્યો આવનાર છે તે જણાવવા મહેરબાની.

# તૃષ્ણા (પૂર્તિ કે નિવૃત્તિ)

**- કિન્નરી અક્ષય સેવક**

આધુનિક યુગનો માનવી તૃષ્ણાથી દોડી રહ્યો છે તો બીજી તરફ એ જીવનની સંતૃપ્તિની શોધ કરી રહ્યો છે અને પરિણામે એક વિચિત્ર પરિસ્થિતિનું સર્જન થાય છે.

આજના યુગમાં જેની પાસે પૈસા નથી એની દયા ખાવ, જેની પાસે તૃપ્તિ નથી એની દયા ન ખાવ. આજની આપણી સામાજિક વ્યવસ્થાએ સદૈવ પૈસાને જ ગૌરવ આપ્યું છે. સમાજ ન હોય તો પૈસાનું કંઈ જ મૂલ્ય નથી. આજનો સામાજિક વ્યવહાર એકમાત્ર આર્થિક ધોરણે જ ચાલે છે. જ્યારે તૃપ્તિ એ સામાજિક નહીં પણ આંતરિક દશા છે. આથી આર્થિક ધોરણની સર્વોપરિતા તોડવી હશે તો સમાજની વ્યવસ્થા બદલવી પડશે.

આથી આજનો સમાજ એ બીજું કંઈ જ નથી પણ વ્યક્તિની નબળાઈ પર ઊભું થયેલું દંભ અને પાખંડનું, વહેમ અને રૂઢિઓનું, સ્વાર્થ અને ક્રુરતાનું એક વિષચક્ર છે. જીવનને યશોજ્જવળ કરવા સામાજિક મોભો અનિવાર્ય છે. એવો ભ્રમ આપણામાં સામાન્યરીતે પોષાતો આવ્યો છે. પરંતુ જેને આપણે સમાજ તરીકે ઓળખીએ છીએ તો બીજું કશું જ નથી પણ આપણા જ સ્વાર્થમુલક અહંને આપેલો આકાર છે. જે સમાજ આપણે આપણી ચોતરફ રચ્યો છે તે આર્થિક કુદરતી, કૌટુંબિક, નૈતિક કે કોઈપણ આપત્તિ આવતાં આપણી પડખેથી સરી પડે છે. જેને આપણા માનતા હોઈએ છીએ તે આપણા રહેતા નથી. આથી સમાજની રચના પોકળ ભ્રમ પુરવાર થાય છે. વસ્તુતઃ આપણે એકલા જ હતાં, એકલાં જ છીએ અને એકલા જ રહેવા સર્જાયેલા છીએ.

એક સનાતન સત્ય એ પણ છે કે આપણો સમાજ વ્યક્તિ કરતાં તેની આર્થિક તાકાતને જ ચાહે છે અને પૂજે છે. વ્યક્તિ તરીકેનું અંતર્ગત, અનંત મૂલ્ય સ્વીકારાતું નથી. સમાજ તો એટલું જ જુએ છે કે લગ્ન કે અન્ય પ્રસંગોએ થાળીમાં કેટલી વધારે વાનગીઓ પીરસી શકો છો અને આપ આપની માનસિક ગંદકી પર ધનદૌલતની રૂપેરી ચાદર બીછાવી શકો છો. આપણી કમનસીબી છે આજની આર્ય સંસ્કૃતિ, જ્યાં માતા-પિતા અને ગુરૂ કરતાં ય ઉચ્ચ સ્થાન કાળા-ધોળા, કાવા-દાવા કરનાર વ્યક્તિઓને અપાય છે. પૈસાથી પણ ઊંચું સ્થાન જ્ઞાનનું છે, આનંદનું છે, નિર્ભયશક્તિનું છે તે સત્ય સ્વીકારવું જ રહ્યું.

ખરા અર્થમાં શ્રીમંત બનવા તૃષ્ણાની પૂર્તિ નહીં પણ તૃષ્ણાથી નિવૃત્તિ લેવી પડશે. જીવનમાં પૈસો જ સર્વસ્વ નથી. પરેસવાનો (ખરી મહેનતનો) પૈસો રળનાર ધૂર્ત વિદ્યાઓ અજમાવતો નથી. પૈસો તાકાત નથી, રોગ છે, હૃદયની મુલાયમતાનો, આત્માની અગણિત તાકાતનો એ ધ્વંશક છે. દુઃખ આપણને પ્રિય લાગે છે કેમ કે દુઃખને જ આપણે અંતિમ સત્ય માનીએ છીએ.

આપણો સંસાર કેવળ તૃષ્ણાઓને સહારે જ ઊભો છે જે તૃષ્ણા દુઃખમાંથી જ ઉત્પન્ન થઈ છે. દુઃખમાં ઉછેરાઈ છે અને વધુ ઊંડા અને વ્યાપક દુઃખમાં લય પામે છે. તૃપ્તિ વૈજ્ઞાનિક હકીકત છે. જે વાસ્તવિકતા સાથે સ્પર્શ કરાવે છે અને એવું આત્મ સંવેદન થતાં તૃષ્ણાના બધાં ભ્રમો વિસરાઈ જાય છે.

અગર દુઃખને દુઃખરૂપે સમજો તો વાસ્તવિક સુખ શું છે એ સમજાશે. દુઃખ દુઃખરૂપ છે એ વેદના જાગ્રત કરવા જ શાસ્ત્રો સંસારસ્વરૂપ કહ્યું, ક્રમસત્તાનું અને આત્મસત્તાનું સ્વરૂપ કહ્યું અને કર્મસત્તા અને આત્મસત્તાના આધ્યાત્મિક સંગ્રામમાં મુખ્ય ફાળો આપનાર ધર્મ સત્તાનું સ્વરૂપ કહ્યું.

આમ જોઈએ તો દરેક વ્યક્તિ જન્મથી તો બાળક જ હોય છે તે કંઈ જન્મથી કઠોર હૃદય નથી હોતી. હા, દયામાં સંવેદનશીલતાની વધઘટ થોડે ઘણે અંશે જરૂર હોય છે. ભાગ્યે જ કોઈ એવું બાળક હોય છે જેને જાતજાતના વિવિધ આકારનાં છીપલાં, પીછાં, ચિત્રો, સ્ટેમ્પસ વગેરે ભેગું કરવામાં આનંદ ન આવે. આ બધું ભેગું કરવાનો જે આનંદ છે તે મોટા થયાં પછી એટલા રૂપિયાની નોટો ભેગી થાય તો પણ નથી આવતો. એનું કારણ છે કે જીવનના કપરા ચઢાણ ચઢવાના સમયે મોટાભાગની વ્યક્તિઓ હૃદયની સંવેદનશીલતા ગુમાવી બેસે છે. ને આ રીતે કઠોર થઈ ગયેલ હૃદયમાંથી બાળપણની સાથે જ આનંદ પણ થઈ જાય છે તિરોધાન.

એક વખત બાળપણમાં સ્કૂલમાં સાથે ભણતા મિત્રોનો અચાનક વર્ષો પછી ભેટો થઈ જાય છે. બન્ને જીવનને મધ્યાને ચઢેલ સ્થિતિ પર હોય છે અને મધ્યાને જ તો ખરો તાપ-તડકો હોય ને ? શીખેલ અનુભવોથી ભવિષ્યનું ઘડતર કરવાનું હોય એટલે શારીરિક અને માનસિક બોજ વધારે હોય એ સ્વાભાવિક છે. એકે પૂછ્યું, ''કેમ છે ?'' 'શું ચાલે છે આજકાલ ?' બીજી વ્યક્તિએ જાણે ગાડીના ટાયરમાંથી હવા નીકળી પંકચર પડ્યું હોય એમ ઉત્તર આપ્યો 'બસ... ચાલે છે એક બાજુ ઘર ચાલે, બીજી બાજુ છોકરાઓ મોટા થાય છે, સંસાર ચાલ્યા કરે છે. પણ તું જિંદગીની રેસમાં કયા મુકામે પહોંચેલ છે ?' બીજી વ્યક્તિ કહે છે, 'ઉપરવાળાની કૃપાથી ઘર અને સંસાર ખૂબ જ સરળતાથી 'પાર કરવાની' કોશિષ કરું છું. કપરા સમયે દુઃખને ઘૂંટડે ઘૂંટડે હૃદયમાં ઉતારું છું કે જેથી સુખ સરળતાથી ક્ષમ્ય થઈ શકે.'

એકદમ એક સરખી પરિસ્થિતિમાં પણ આ વ્યક્તિનો જિંદગી પ્રત્યેનો હકારાત્મક અભિગમ એને ખૂબ જ સહજ, સ્ફૂર્તિમય અને સ્વચ્છ જીવન પ્રદાન કરે છે. આપણે માત્ર જીવન તરફનું વલણ અને અભિગમ અકબંધ રાખવાના છે પછી જીવનમાં રણ તો લીલાછમ જ રહે !

કાશ ! પુરૂષ ઓફિસમાં જતી વખતે ક્લબમાં જતી વખતની હળવાશ લાવી શકે !

કાશ ! સ્ત્રી રસોઈ કરતી વખતે કોઈ નવી રેસીપી શીખતી હોય એટલી હળવાશ લાવી શકે !

કાશ ! એક મોભાદાર, અદ્યતન ફાઈવસ્ટાર હોટલના મોટા, ઠંડા એસી રૂમના જાજરમાન ટેબલ ઉપર સ્વાદિષ્ટ મોગલાઈ વાનગીઓ આરોગવાનો સંતોષ એક જિદ્દે ચઢેલ નાદાન બાળકને રીઝવવામાં આવે તો ?

એટલે જ કહું છું કે આનંદનો આધાર પ્રવૃત્તિમાં નહીં પણ વૃત્તિમાં છે. ❖❖❖

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Bharat Asbestos & Rubber Co., ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફલોર, મુંબઈ - ૪૦૦૦૦૩, મોબાઈલ નંબર - ૯૮૨૧૧૧૦૭૪૭/૯૮૩૩૮૬૭૬૦૧. Email : aydharia@gmail.com ને મોકવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - ભાવેશ મોદી    સંયોજક - અલ્પેશ ધારીઆ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને મળેલ દાનના વચન


| | | |
|---|---|---|
| ❖ **એન.એમ.ધારીયા એન્ડ કું.** તરફથી | ક્રિકેટ પ્રસંગે | રૂા. ૨,૫૦,૦૦૦/- |
| ❖ **શ્રી મણીકાંત છોટાલાલ કડકીયા હસ્તે શ્રી જીગર કડકીયા** તરફથી | ક્રિકેટ પ્રસંગે | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ❖ **સ્વ. શ્રી નવનીતલાલ ઓચ્છવલાલ ગાંધી (મેનપુરાવાળા)ના સુપુત્ર** **શ્રી દિવ્યેશભાઈ-કેતકીબેન ગાંધી** તરફથી તેમની **સુપુત્રી વંદનાના** | લગ્ન પ્રસંગે | રૂા. ૫૦,૦૦૦/- |
| ❖ **શ્રીમતી હસુમતીબેન મંગલદાસ મોદી હસ્તે** **શ્રીમતી સોનલબેન સમીર મોદી** તરફથી તેમના પુત્ર **સોહમના** | લગ્ન પ્રસંગે | રૂા. ૨૧,૦૦૦/- |

## સમૂહ ભોજન

**મલાડમાં વસતા બાલાસિનોરવાસીનું સમૂહ ભોજન તા. ૭-૧-૨૦૧૮ના રોજ સાંજે ૬.૩૦ કલાકે**
**સ્થળ :** નડીયાદવાલા માર્કેટ હોલ, લક્ષ્મીનારાયણ શોપીંગ સેન્ટર સામે, પોદાર રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ-૯૭. સ્થળે રાખેલ છે. તો આપ સૌને આમંત્રણ છે. સાથે વિશેષ પ્રોગ્રામ પણ રાખેલ છે.

**એજ લિ. દિલીપ એન. ધારીયા**

।। શ્રી ગોપીજનવલ્લભાય નમઃ ।।



## પૂજ્ય પિતાશ્રી - શ્રી ચંદ્રકાંત મણિલાલ શાહ (નગરશેઠ)
## તથા પૂજ્ય માતુશ્રી - શ્રીમતી શર્મિષ્ઠાબેન ચંદ્રકાંત શાહ (નગરશેઠ)

ની પુણ્યસ્મૃતિમાં

## ।। શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ।।

નું આયોજન કરવામાં આવેલ છે.

**કથા સમય : સોમવાર, તા. ૨૫-૧૨-૨૦૧૭ થી રવિવાર તા. ૩૧-૧૨-૨૦૧૭**
**બપોરે ૩.૦૦ થી સાંજે ૭.૦૦ કલાક સુધી**
**કથા સ્થળ :** શ્રી પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, બાબુલનાથ રોડ, ચોપાટી, મુંબઈ - ૪૦૦૦૦૭

**પ્રધાન વ્યાખ્યાતા**

**'ભાગવત ભૂષણ' પૂજ્ય શ્રી કૃષ્ણદન્ત નિરંજન શાસ્ત્રીજી (વલ્લભ વેદાંત) ગોલ્ડ મેડલીસ્ટ, મુંબઈ યુનિવર્સીટી**

**શ્રીનાથજીબાવાના વાંગ્મય સ્વરૂપ**

શ્રીમદ્ ભાગવતજીની કથાનું રસપાન કરવા પધારવાનું આપ સહુને સસ્નેહ નિમંત્રણ છે.

## : જાહેર ટેન્ડર :

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
**સંચાલિત**
## શ્રી મનોજભાઈ / શ્રી અમરીશભાઈ કચેરીઆ કન્સેશનલ રેટ નોટબુક યોજના
**તથા**
## શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના

દર વર્ષ મુજબ આશરે ૪૫૦ ડઝન નોટબુક છાપવાની છે.

**A4 Size, Paper - 54, gsm 184 Pages**

ઈચ્છુક નોટબુક ડીલરોને વિનંતી છે કે સંયોજક અથવા મંત્રીનો સંપર્ક કરવો અને નોટબુક વિષેની માહિતી મેળવી લેવા વિનંતી.

તેઓએ પોતાની ઓફર (Sealed) કવરમાં સંસ્થાની ઓફીસમાં જમા કરાવવાની રહેશે.

| મંત્રી | સંયોજક |
|---|---|
| **શ્રી ભાવેશ બીપીન મોદી** | **શ્રી સંજય જયંતીલાલ શાહ** |
| ૯૮૬૯૦૮૦૨૮૭ | ૯૮૨૦૩૪૧૩૭૦ |

---

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
**સંચાલિત**
## શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના

સ્કૂલ તથા કૉલેજ માટે નોટબુક રાહતમાં લેનાર વિદ્યાર્થીઓ માટે આ વખતે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫ એપ્રિલ ૨૦૧૮ છે

નોંધ : રિઝલ્ટની કોપી નોટબુક લેતી વખતે આપવાની રહેશે.

| મંત્રી | સંયોજક |
|---|---|
| **શ્રી ભાવેશ બીપીન મોદી** | **શ્રી સંજય જયંતીલાલ શાહ** |
| ૯૮૬૯૦૮૦૨૮૭ | ૯૮૨૦૩૪૧૩૭૦ |

### સુધારો

- **જ્યોતિપુંજ મેઈલીંગ એડ્રેસ માટે** aydharia@gmail.com
- **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** ગં.સ્વ. નીના હરીશ પરીખ (ભગત) હસ્તે શ્રી હરીશ ચીમનલાલ પરીખ (ભગત) તરફથી રૂા. ૫૧,૦૦૦/-નું માતબર દાન શ્રીજી મેડીકલેમ યોજના હેઠળ મળ્યું છે. સંસ્થા તેમનો તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે.
- શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૬૬મો રસોત્સવમાં આયોજક શ્રી મનીષ જોષીનું સન્માન શ્રી સુનિલ મોદી (સંયોજક) એ કર્યું હતું.

## અન્ન, આર્થિક જીવન નિર્વાહ સહાય અંગે
## ગીરીપુજા કોકિલાબેન પ્રવિણચન્દ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) આર્થિક રાહત યોજના
## શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) અન્ન સહાય યોજના અને
## શ્રીમતી તારાબેન રતીલાલ પરીખ જીવન નિર્વાહ યોજના

ઉપરોક્ત યોજનાઓ હેઠળ પ્રતિ વર્ષે સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે પણ તા. ૧-૪-૨૦૧૮ થી તા. ૩૧-૩-૨૦૧૯ દરમ્યાન સહાય આપવાની છે. આ અંગેના અરજીપત્રકો તા. ૨૧-૧-૨૦૧૮ થી તા. ૯-૩-૨૦૧૮ સુધી નીચેના સ્થળેથી આપવામાં આવશે. જરૂરી વિગતો ભરી આપ તા. ૯-૩-૨૦૧૮ સુધી અરજીપત્રકો આપી શકો છો. અરજી પત્રકો સાથે જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના બેંકની પાસબુકની નકલ ફરજીયાત આપવાની રહેશે.

**સ્થળ :**

૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ,** ૪૫-૪૯, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, બાબુ ગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨

૨) **શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ,** ૮/૯ મહેતા હાઉસ, બીજે માળે,, પંડિત રમાબાઈ રાનડે રોડ, ભારતીય વિદ્યા ભવનની સામે, ચોપાટી, મુંબઈ - ૪૦૦૦૦૭

૩) **મે. શૈલેષ ટયુબ એન્ડ હાર્ડવેર માર્ટ**, ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીય, બીજે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩

૪) **શ્રી મણીકાંતભાઈ કડકીઆ**, મોટા મંદિરની સામે, બજાર, બાલાસિનોર **- સંયોજક - શ્રી રજનીભાઈ કડકીઆ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

**શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ પુરસ્કૃત**

# ક્રિકેટ એક્ટીવીટી આયોજીત

**શ્રી નટવરલાલ મોદી (જનસાથી) બી.એન.એસ. જનસાથી ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા)**

**બીએનએસ લાલખા ટ્રોફી**

**શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) અને શ્રી પૂનમચંદ્ર સાંકરલાલ કડકીઆ (બેરા)**

**શ્રી પૂનમચંદ્ર સાંકરલાલ કડકીઆ (બેરા) બીએનએસ લાલખા બેરા T૨૦ league**

**અને એમ.એચ.ધારીઆ બીપીએલ T 20**

**સોવિનીયર કમિટી વર્ષ ૨૦૧૭-૨૦૧૮**

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી નીતીન ગાંધી | - | સંયોજક-સોવિનીયર કમીટી | શ્રી વ્રજેશ દેસાઈ | - | સભ્ય |
| શ્રી સંદિપ ધારીઆ | - | સભ્ય | શ્રી ભાવિક પરીખ | - | સભ્ય |
| શ્રી રાજુલ પરીખ | - | સભ્ય | શ્રી મીતેન પરીખ | - | સભ્ય |

**શ્રી ગોકુલેશો જયતિ** **૨૩મું વર્ષ**

# કાંદિવલીમાં વસતા સૌ બાલાસિનૉરવાસીઓ
# ફગવા ઉત્સવ

સર્વદા સેવ્ય ચતુર્થપીઠ શ્રી ગોકુલનાથજીની અસીમ કૃપાથી કાંદીવલીમાં વસતા બાલાસિનોર વાસીઓ તરફથી **શ્રી ફગવા ઉત્સવ**નું આયોજન કરવામાં આવેલ છે. આ ફગવા ઉત્સવ સં. ૨૦૭૪ ના મહા વદ અગ્યારસ ને **રવિવાર, તા. ૧૧-૦૨-૨૦૧૮** ના રોજ **કેવલબાગ, ફ્લાય ઓવરની નીચે,** કાંદીવલી (વે), મુંબઈ-૬૭. ના મુકામે યોજવામાં આવેલ છે. **પ.પૂ.ગો.સ્વામી શ્રી વલ્લભબાવાશ્રી પધારવાના છે** અને એમના સાનિધ્યમાં ફગવા મહોત્સવ ઉજવવામાં આવશે. શ્રી ઠાકોરજીના ખેલના દર્શન પછી **બાલાસિનોરના સર્વે વૈષ્ણવોને ઉપરોક્ત મુકામે સહકુટુંબ, દર્શનનો લાભ લેવા અને પ્રસાદ (પ્રસાદની વ્યવસ્થા ખેલના દર્શન પછી) લેવા પધારવા અમારૂં ભાવભર્યું આમંત્રણ છે.**

## ઉત્સવના મનોરથી



**દીપકભાઈ સોમાલાલ પરીખ (ઘીવાળા)**
**માલતીબેન દીપકભાઈ પરીખ**
**હસ્તે નુપુર દીપક પરીખ અને કીંજલ દીપક પરીખ**



### ❖ શોભાયાત્રા ❖

મનોરથીના નિવાસસ્થાન ૩૦૩ મહાવીર દર્શન, મહાવીર નગર, ન્યુ લિંક રોડ, કદમવાડી, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૬૭. મો : **દીપક પરીખ - ૯૮૨૦૭ ૩૧૦૬૨ / નુપુર પરીખ - ૯૮૨૦૮ ૪૫૨૩૯ / કીંજલ પરીખ - ૯૮૩૩૫ ૭૫૮૭૬**, બપોરે ૧.૩૦ કલાકે સમાજ બેસશે. તેમજ શોભાયાત્રા તેમના નિવાસ સ્થાનેથી બપોરના ૩.૦૦ કલાકે નીકળશે.

**લી. નુપુર દીપક પરીખ, નીપા નુપુર પરીખ અને કીંજલ દીપક પરીખ,**
**રાખી કિંજલ પરિખ, નીપા સંદીપ કડકીયા, વિહાન,**
**હેતવી, ઉરવ, દર્શિલ, દીર્ઘ, દૃષ્ટી ના જૈ જૈ શ્રીગોકુલેશ**

### ❖ ખેલના દર્શન ❖

**સાંજે ૬.૦૦ કલાકે કેવલબાગ, ફ્લાય ઓવરની નીચે,** કાંદીવલી (વે), મુંબઈ-૬૭. **ખાતે શ્રી ઠાકોરજીના ખેલનાં દર્શન થશે. તેમજ શ્રી ઠાકોરજીના ધોળ-કીર્તન તેમજ રસીયા ગવાશે તો દરેક વૈષ્ણવોને ઉપરનાં દરેક પ્રસંગે ઉપસ્થીત રહીને અલભ્ય આનંદ (લાભ) લેવા વિનંતી છે. સર્વે વૈષ્ણવને સાંજે ૬.૦૦ કલાકે પ્રસાદ લેવા ભાવભીનુ આમંત્રણ છે.**

**લી. કાંદીવલીમાં વસતા બાલાસિનોરવાસીઓના**
**જૈ જૈ શ્રીગોકુલેશ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

**- મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૭મી બેઠક તા. ૨૮-૧૧-૨૦૧૭ના રોજ મંગળવાર સાંજે ૬.૪૫ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) મીટીંગ હૉલ (પ્રગતિ સમાજની ઓફિસ ખાતે) મળી હતી.

પ્રમુખ શ્રી સૌમીલ મોદીના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જીગર કડકીઆએ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવના સંયોજક શ્રી સુનીલ મોદીએ તેમનો અહેવાલ તથા હિસાબ રજૂ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક શ્રી ઉર્મિલ કડકીઆએ એમનો પ્રથમ પ્રોગ્રામ દાંડીયા રાસનો અહેવાલ અને હિસાબ રજૂ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો તથા તેમના બીજા પ્રોગ્રામ નાટક તા. ૪-૩-૨૦૧૮ના રોજ પ્રભોધનકાર ઠાકરે હૉલ ખાતે રાખવાનું નક્કી કર્યું છે અને તેની ટિકીટો તા. ૧૮-૨-૨૦૧૮ના રોજ વિવિધ સેંટરો પર થી વિતરણ કરવામાં આવશે.

શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક ગેરહાજર હોવાથી સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ અહેવાલ રજૂ કર્યો હતો.

શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાલા) પુરસ્કૃત ક્રિકેટ એક્ટીવીટી આયોજીત શ્રી નટવરલાલ મોદી (જનસાથી) બી.એન.એસ. જનસાથી ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા), બી.એન.એસ. લાલખા ટ્રોફી શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) અને શ્રી પુનમચંદ સાંકરલાલ કડકીઆ (બેરા) બી.એન.એસ. લાલખા બેરા T-૨૦ League અને એમ.એચ.ધારીઆ, બી.પી.એલ. T-૨૦ના સંયોજક ગેરહાજર હોવાથી સહમંત્રી શ્રી જીગર કડકીઆ અને શ્રી કીંજલ પરીખે અહેવાલ રજુ કર્યો હતો અને સહુ કારોબારીને ૧લી ડીસેમ્બર ૨૦૧૭ના રોજ પી.જે. હિંદુ જીમખાના ખાતે એમ.એચ.ધારીઆ બીપીએલ T-૨૦ ના ઓક્શન માટે આમંત્રણ આવ્યું હતું.

શ્રીમતી શાંતાબેન કાન્તીલાલ લાલચંદ દોશી પુરસ્કૃત મહિલા વિભાગના સંયોજક ગેરહાજર હોવાથી મંત્રી શ્રી ભાવેશ મોદીએ તેમના પ્રોગ્રામનો હિસાબ રજૂ કર્યો હતો. તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી મનોજભાઈ/શ્રી અમરીશભાઈ કચેરીઆ કન્સેશનલ રેટ નોટ બુક યોજના અને શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજનાના સંયોજક શ્રી સંજય શાહે જણાવ્યું હતું આ અંક માં જાહેર ટેન્ડર બહાર પાડવામાં આવશે. ઈચ્છુક વ્યક્તિ આ ભરી શકશે તથા આ વર્ષે નક્કી કરવામાં આવ્યું છે કે જેમને રાહત નોટબુકનો ફાયદો લેવો હોય તેમણે ૩૧-૩-૨૦૧૮ સુધી ફોર્મ ભરી લેવું. તે પછી કોઈના ફોર્મ સ્વીકારવામાં નહીં આવે. તે સહુએ મંજૂર રાખ્યું હતું.

પ્રમુખશ્રી સૌમીલ મોદીએ સુઝાવ આપ્યો હતો કે આપણે રૂા. ૧૧,૦૦,૦૦૦/- કે તેથી વધુ જે આવે તેમનો એક ફોટો તથા તેમના નામની તકતી લાગશે. તેમાં આજ સુધી મળેલ બધાજ દાતાઓનો સમાવેશ

કરવામાં આવશે. તે સૌ એ આવકારી લીધુ હતું અને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રી એ જણાવ્યું હતું કે ક્રિકેટ ટુર્નામેન્ટના દાતા શ્રી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાલા)ને જેટલી મેચો રમાશે તેમા મેન ઑફ ધ મેચ/ મેન ઑફ ધ સીરીઝની ટ્રોફી આપવાનો અધિકાર રહેશે. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ક્રિકેટનું આ ગોલ્ડન જ્યુબીલી વર્ષ છે. જેમાં બાલાસિનોર ખાતે તા. ૨૨.૨.૨૦૧૮ની ૨૫.૨.૨૦૧૮ દરમ્યાન ડે એન્ડ નાઈટ ક્રિકેટ મેચ રમાડવામાં આવશે. આ ક્રિકેટ મેચનો જે સર્વ ખર્ચ થશે તે માટે **રૂપિયા ૨,૫૦,૦૦૦/-** નું માતબર દાન **એન.એમ.ધારીયા એન્ડ કું.** તરફથી તેમજ **રૂપિયા ૧,૨૫,૦૦૦/-** નું માતબર દાન **શ્રી મણીકાંત છોટાલાલ કડકીયા હસ્તે શ્રી જીગર કડકીયા** તરફથી ફાળવવામાં આવ્યા છે.

પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે **નવીનલાલ ઓચ્છવલાલ ગાંધી (મેનપુરવાલા-કેનેડા)** એ **રૂા. ૫૦,૦૦૦/-**ના દાનનું વચન આપ્યું છે. હસ્તે તેમના પુત્ર શ્રી દિવ્યેશ - કેતકીબેન તેમની પુત્રી વંદનાના લગ્ન પ્રસંગે.

**શ્રીમતી નીનાબેન હરીશ પરીખ (ભગત) હસ્તે શ્રી હરીશ ચીમનલાલ પરીખ (ભગત)** તરફથી **રૂા. ૫૧,૦૦૦/-**નું માતબર દાન પ્રાપ્ત થયું છે.

કુલ ૧૧ લીવ આવી હતી તેમના નામ નીચે મુજબ છે. શ્રી કલ્પેશ ધારીઆ, શ્રી તેજશ પરીખ, શ્રી વસંત દેસાઈ, શ્રી દિપક શાહ, શ્રી જગદીશ પરીખ, શ્રીમતી અલ્પા કડકીઆ, શ્રી નિલેશ શાહ, શ્રા ચંદ્રેશ કડકીઆ, શ્રી અલ્પેશ ધારીઆ, શ્રી પ્રશાંત પરીખ અને શ્રી સન્ની ગાંધી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

## શ્રી બાલાસિનોર બોરીવલી ટ્રસ્ટ

**આયોજીત**

બોરીવલી થી વિરાર સુધી વસતા નાગરિકો માટે મેડીકલ કેમ્પ તથા જમણવારનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૭-૧-૨૦૧૮ ને રવિવારે.

**મેડીકલ કેમ્પ :** સમય સવારે ૮.૩૦ થી ૧૨.૩૦

**જમણવાર :** સમય બપોરે ૧૨.૩૦ થી ૨.૩૦

**સ્થળ :** ગુરુદ્વારા, સાઈબાબા નગર, બોરીવલી (વેસ્ટ)

**નોંધ : મેડીકલ કેમ્પ માટે ફોર્મ ભરવું પડશે.**

વહેલો તે પહેલા ધારણે નામ રજીસ્ટર કરવામાં આવશે.

**વધુ વિગત માટે મળવું.**

**મંત્રી**

**શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)**

**મો. : ૯૮૨૦૦૧૧૫૮૬**

# શ્રી વાડાસિનોર ગોકુલનાથજી મંદિર

**બાલાસિનોર**

## શ્રી વાડાસિનોર દશાનીમા તથા મુંબઈમાં રહેતા સર્વે દશાનીમા વૈષ્ણવો જોગ

# શ્રી ફગવા ઉત્સવ

ઉત્સવોનો ઉત્સવ એટલે ફગવા ઉત્સવ. આ વર્ષે આ ફગવા ઉત્સવનું આયોજન

**તા. ૨૪.૦૨.૨૦૧૮, શનિવાર**ના દિને ઉજવવામાં આવશે.

**: ઉત્સવના મનોરથી :**

**સ્વ. મણીબહેન સાંકરલાલ શાહ (જેઠોલીવાલા) નો પરિવાર**

**: સ્થળ :**

**બાલાસિનોર**

**તા. ૨૩.૦૨.૨૦૧૮, શુક્રવાર,** ને સાંજે ૪.૦૦ કલાકે બહુચરાજી માતાજીના ફળીયા ખાતે સમાજ બેસશે.

**તા. ૨૩.૦૨.૨૦૧૮, શુક્રવાર,** ને રાત્રે ૯.૦૦ કલાકે સિધ્ધનાથ પાર્ટી પ્લોટ ખાતે દાંડીયા રાસ આયોજીત કરેલ છે.

દશાનીમા વણિક વાડીમાં દશાનીમા વૈષ્ણવો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

**: કળશનો વરઘોડો:**

**સવારે ૯.૦૦ કલાકે,** શોભાયાત્રા ગોકુલનાથજી મંદિર થઈને ધામધૂમથી ફગવે પધારશે.

**ફગવાનો મહાપ્રસાદ લેવાની વ્યવસ્થા ફગવા બગીચે કરવામાં આવી છે.**

**સર્વે બાલાસિનોર દશાનીમા વૈષ્ણાવો, આમંત્રિતો, ભાઈઓ-બહેનો, સહકુટુંબ, સહ પરિવાર પધારશો.**

**: આમંત્રિત :**

**સ્વ. મણીબહેન સાંકરલાલ શાહ (જેઠોલીવાલા) નો પરિવાર**

**દશાનીમા વણિકભાઈ દશાનીમા વૈષ્ણવો માટે નીચે જણાવ્યા મુજબ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.**

| | | |
|---|---|---|
| તા.૨૩-૦૨-૨૦૧૮ | : | સવારનો ચાહ-નાસ્તો, સમય : ૮.૩૦ થી ૧૦.૦૦ કલાક |
| | | બપોરનું ભોજન - ૧૨.૩૦ કલાક થી ૨.૦૦ કલાક |
| | | રાત્રીનું ભોજન - ૭.૩૦ કલાક થી ૯.૦૦ કલાક |
| તા. ૨૪-૦૨-૨૦૧૮ | : | સવારનો ચાહ-નાસ્તો, સમય : ૭.૩૦ થી ૯.૩૦ કલાક |
| | | રાત્રીનું ભોજન - ૮.૦૦ કલાક થી ૯.૩૦ કલાક |
| તા. ૨૫-૦૨-૨૦૧૮ | : | સવારનો ચાહ-નાસ્તો, સમય : ૮.૩૦ થી ૧૦.૦૦ કલાક |
| | | બપોરનું ભોજન - ૧૨.૩૦ કલાક થી ૨.૦૦ કલાક |

# બાલાસિનોર વિદ્યામંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ) નું માતબર દાન કોકીલાબેન રસિકલાલ મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એ ટ્રસ્ટના ટ્રસ્ટીપુત્રો મા. શ્રી વિનીતભાઈ અને મા. શ્રી ઉર્વીશભાઈ ના હસ્તે **'નોટબુક યોજના' હેઠળ 'ન્યાસ ફંડ'** માટે મળ્યું છે.

ન્યાસફંડની રકમના વ્યાજમાંથી સંસ્થા દર વર્ષે સુંદરમ્‌ની લોંગ નોટબુક વિદ્યાર્થીઓને ખુબ જ ઓછા દરે આપે છે. કોલેજમાં આશરે UG અને PG ના ૨ ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આનો લાભ લે છે.

સંસ્થાના કારોબારી સભ્યો જ્યોતિપુંજના માધ્યમ દ્વારા દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરતા તેમનો ઋણ સ્વીકાર કરે છે. અને પરમકૃમાળુ પરમાત્માને તેમના સુખ શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

## જાહેર નિમંત્રણ

**સંગીતા કિરણ દોશી વ્યાખ્યાન માળા મણકો : ૩૬**

| | | |
|---|---|---|
| **વક્તા** | : | **માનનીય શ્રી શાહબુદ્દીન રાઠોડ** |
| **વિષય** | : | **હાસ્યનું જીવનમાં સ્થાન** |
| **તારીખ** | : | **શુક્રવાર, ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૮** |
| **સમય** | : | **૫.૩૦ થી ૭.૩૦** |
| **સ્થળ** | : | **લાયન્સ કલબ હૉલ, તળાવ દરવાજા, બાલાસિનોર** |

સૌને હાજર રહેવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે. **લિ. પ્રમુખ - બાલાસિનોર વિદ્યામંડળ**

## ભાવભીનું નિમંત્રણ

સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ

**આયોજીત**

**શ્રી રસિકલાલ રમણલાલ કડકિયા (આર.આર.)**

# : સ્મૃતિ ભક્તિ સંધ્યા :

સોમવાર તા. ૧૫.૦૧.૨૦૧૮

**સમય**

ભક્તિ સંગીત સળંગ બે કલાક સાંજે ૫.૩૦ થી ૭.૩૦

**ભક્તિ સંગીત : કિશોર મનરાજા અને સાથીઓ.....**

**સ્થળ :**

પ્રેમપુરી આધ્યાત્મિક વિદ્યાભવન, સ્વામી શ્રી પ્રેમપુરીજી ચોક, બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૭

નિમંત્રક

**પુષ્પાબેન રસિકલાલ કડકિયા પરિવાર**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

૪૫/૪૯, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨

**શ્રીમતી સુમનબેન સૂર્યકાંત શાહ તથા શ્રીમતી કુંજબાળા હેમેન્દ્ર શાહ (ચકવા) પુરસ્કૃત**

## શ્રી ફગવા ઉત્સવ

**વાડાસિનોર સમસ્ત દશાનિમા વૈષ્ણવો જોગ**

શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ આયોજીત

**શ્રીમતી સુમનબેન સૂર્યકાંત શાહ શ્રીમતી કુંજબાળા હેમેન્દ્ર શાહ (ચકવા) પુરસ્કૃત**

**શ્રી ફગવા ઉત્સવ શનિવાર, તા. ૧૭.૦૨.૨૦૧૮**ના શુભ દિને મુંબઈમાં ધામધૂમથી ઉજવવામાં આવશે.

### : ઉત્સવના મનોરથી :

આ ઉત્સવના મનોરથી **શ્રી રમેશચંદ્ર કાંતિલાલ કડકિયા (ધરીવાળા)** તથા

તેમના સુપુત્ર **શ્રી સચીન રમેશચંદ્ર કડકિયા (ધરીવાળા)** તથા તેઓના સમસ્ત પરિવાર છે.

### : કાર્યક્રમ :

**તા. ૧૭-૦૨-૨૦૧૮ના રોજ બપોરે ૩.૩૦ કલાકે** મનોરથીનાં નિવાસસ્થાને, ૨/૮, ભાવેશ્વર નિકેતન, ફેલોશિપ સ્કૂલ કંપાઉન્ડ, એ.કે. માર્ગ, ગોવાલિયા ટેંક, મુંબઈ-૪૦૦૦૩૬. સમાજની કિર્તનીયા મંડળી રસીયાની રમઝટ બોલાવશે.

**સાંજે ૬.૦૦ કલાકે** સ્ત્રી મંડળ, સિક્કાનગર, વી.પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪ થી કળશનો વરઘોડો નીકળી માધવબાગ, સી.પી.ટેન્ક જશે. ત્યાં મનોરથી તરફથી રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમની રજુઆત થશે. મનોરથીનાં પરિવાર તથા શ્રી ફગવા ઉત્સવના કાયામી દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવશે.

### : ભાવભીનું આમંત્રણ :

તેજ દિવસે સાંજે ૭.૩૦ કલાકે શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજવતી, વાડાસિનોર વાસીઓ, મુંબઈમાં તેમજ પરામાં રહેતા સર્વે દશાનિમા વૈષ્ણવોને સહકુટુંબ સહ પરિવાર પ્રસાદ ગ્રહણ હેતુ માધવબાગમાં પધારવા અમારું ભાવભીનું આમંત્રણ છે.

તો આ દરેક પ્રસંગે આપ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવશો.

**લી. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**
**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) - પ્રમુખ**
**તથા સમસ્ત કારોબારી સમિતીના સભ્યો**
**તથા**
**શ્રી રમેશચંદ્ર કાંતિલાલ કડકીયા (ધરીવાળા) તથા**
**તેમના સુપુત્ર શ્રી સચિન રમેશચંદ્ર કડકીયા (ધરીવાળા) તથા**
**તેઓના સમસ્ત પરિવારના જય જય શ્રી ગોકુલેશ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ)માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

**૧) ઈકો કેમ્પ :** તા. ૫-૧૧-૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. કુલ ૩૦ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**૨) છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૦-૧૧-૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. કુલ ૨૨ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**હોસ્પિટલમાં એપ્રીલ- ૧૭ થી ઓક્ટો. ૧૭ના માસ દરમ્યાન નીચેના વિવિધ વિભાગોના લાભ લીધેલ દર્દીઓ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | લીલાબેન અને ડૉ. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ | - ફીજીશીયન વિભાગ | - | ૨૦૧૭૨ |
| ૨. | મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ (મરઘા) | - સોનોગ્રાફી વિભાગ | - | ૨૦૩૮ |
| ૩. | ઈચ્છાબેન ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) | - મોબાઈલ વિભાગ | - | ૫૭૫૩ |
| ૪. | પ્રવિણાબેન દિલીપકુમાર ધારીઆ (લાલખા) | - દંત વિભાગ | - | ૪૪૨ |
| ૫. | ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ | - પેથોલોજી વિભાગ | - | ૧૨૩૧૭ |
| ૬. | પૂનમચંદ ચંદુલાલ શાહ (કડકીઆ) | - ઈમરજન્સી વિભાગ | - | ૧૬૮૮ |

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :**

| | | |
|---|---|---|
| ૧. | એક અનામી દાતા તરફથી (ડૉક્ટર કન્સલ્ટીંગ રૂમ માટે) | રૂા. ૫૦૦૦૦૦/- |
| ૨. | એક અનામી દાતા તરફથી | રૂા. ૧૦૦૦૦૦/- |
| ૩. | ભાવનાબેન પરેશ દેસાઈ | રૂા. ૧૫૦૦૦/- |
| ૪. | લતાબેન મંગલદાસ પરીખ | રૂા. ૧૧૦૦૦/- |

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

---

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

અચ્છે દિન આનેવાલે હૈ

વિરાટ કોહલી - એ.આર.રહેમાન - સોનુ નિગમ - શ્રેયા ઘોષાલ - રણબીર કપૂર
જેવા કલાવંતો અને રમતવીરો કે અન્ય કોઈપણ પ્રકારની અસાધારણ પ્રતિભા ધરાવનાર
વાડાસિનોર દશાનીમા વણિક સમાજના નામી અનામી તારલાઓને જાહેર નિમંત્રણ
આપની ઉપલબ્ધિઓથી અને વાકેફ કરો આપનો ઉપલબ્ધિઓને

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પુરસ્કૃત**

## TELENT APPRECIATION SCHEME

અન્વયે સમાજ સમક્ષ પ્રકાશિત કરી, આપનું અને સમાજનું ગૌરવ કરવાની અમને તક આપો.
આપની ઉપલબ્ધિઓ, આપના અને આપના કુટુંબીજનો માટે તો ગૌરવપ્રદ બની જ રહેશે, સાથે સાથે સમાજજનો અને ભાવિ પેઢી માટે પણ પ્રેરકબળ બની રહેશે.
અમે આશા રાખીએ કે આ જાહેરાતનાં દરેક વાચક, પોતાનાં સંબંધીઓના વર્તુળમાં આવાં કોઈપણ તારલા હોય તો એ વિષે અમને જાણ કરે અથવા તો તેઓને અમારાં સુધી પહોંચવા પ્રોત્સાહિત કરે.
વાડાસિનોર દશાનીમા વણિક સમાજની દરેક દિકરીઓ અને તેમનાં સંતાનોની ઉપલબ્ધિઓ પણ સન્માનને પાત્ર છે.

**સંયોજક - શ્રી ચેતન મોદી** **માનદ્ મંત્રીઓ - શ્રી જસ્મીન બિપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦**
**શ્રી ધર્મેશ જયંતીલાલ શાહ - ૯૮૨૦૩૪૧૩૭૧**

## બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ
## અનુકરણીય દાન - વચન

### સખાવતી દાતાશ્રીઓ તરફથી
### પ્રાપ્ત થયેલ દાનની નામાવલી:

| ક્રમાંક | નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | શ્રીમતી સંગીતા મયુરકુમાર ગાંધી (મેનપુરાવાલા) પુત્ર - અમરના લગ્નપ્રસંગ નિમિત્તે | ૨,૫૧,૦૦૦/- |
| ૨. | શ્રી રાજેશ શાંતિલાલ કડકીયા | ૧,૫૦,૦૦૦/- |
| ૩. | કોકિલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાલા) | ૧,૦૦,૦૦૦/- |
| ૪. | શ્રીમતી સુધાબેન પ્રવીણચંદ્ર શાહ | ૧,૦૦,૦૦૦/- |
| ૫. | શ્રીમતી ઈન્દુબેન અને શ્રી હરિશચંદ્ર રમણલાલ ગાંધી | ૧,૦૦,૦૦૦/- |
| ૬. | શ્રીમતી ઈન્દુમતિબેન સોમાલાલ શેઠ | ૧,૦૦,૦૦૦/- |
| ૭. | શ્રી પ્રેમલ તિમિરકુમાર કડકિયા | ૩૧,૦૦૦/- |
| ૮. | શ્રીમતી સુધાબેન શરદભાઈ મહેતા | ૨૫,૦૦૦/- |
| ૯. | શ્રીમતી પ્રજ્ઞાબેન વિજયભાઈ ધારિયા | ૧૦,૦૦૦/- |
| ૧૦. | શ્રીમતી હેતલ સુરેન્દ્ર દેસાઈ | ૧૦,૦૦૦/- |
| ૧૧. | શ્રીમતી ઉર્મિલાબેન એમ. પરીખ | ૧૦,૦૦૦/- |
| ૧૨. | શ્રી નિમિષ મનહરલાલ કડકીયા | ૧૦,૦૦૦/- |
| ૧૩. | શ્રી દક્ષેશ બાબુલાલ કડકીયા | ૧૦,૦૦૦/- |
| ૧૪. | શ્રી રીતેન એસ. ધારિયા | ૧૦,૦૦૦/- |
| ૧૫. | શ્રી રશ્મીકાંત કે. ધારિયા | ૧૦,૦૦૦/- |
| ૧૬. | શ્રીમતી પુષ્પાબેન નવીનચંદ્ર પરીખ | ૧૦,૦૦૦/- |
| ૧૭. | તરુલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૦,૦૦૦/- |
| ૧૮. | મે. કડકીયા ટ્રેડિંગ કોર્પોરેશન | ૧૦,૦૦૦/- |
| ૧૯. | શ્રી ગિરિશ દુ. પરીખ | ૧૦,૦૦૦/- |
| ૨૦. | મે. જે.કે. ફોર્જ ઈન્ડસ્ટ્રીસઝ | ૧૦,૦૦૦/- |
| ૨૧. | મે. વિનસ ટ્રેડિંગ કાું. | ૧૦,૦૦૦/- |
| ૨૨. | શ્રી સંજય આર. મહેતા | ૧૦,૦૦૦/- |
| ૨૩. | મે. સમીર સેલ્સ કોર્પોરેશન | ૧૦,૦૦૦/- |
| ૨૪. | શ્રી પ્રતિક્ષ નટવરલાલ શાહ | ૧૦,૦૦૦/- |
| ૨૫. | મે. મયુરકુમાર એન્ડ સન્સ | ૧૦,૦૦૦/- |
| ૨૬. | શ્રી રમેશ એમ. શેઠ | ૧૦,૦૦૦/- |
| ૨૭. | શ્રીમતી જાનવી એમ. શેઠ | ૧૦,૦૦૦/- |
| ૨૮. | શ્રીમતી ઈન્દુબેન આર. ધારિયા | ૧૦,૦૦૦/- |

**શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ**

| ક્રમાંક | નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | શ્રી બાબુલાલ ચિમનલાલ શાહ (નગરશેઠ) | ૧,૦૦,૦૦૦/- |
| ૨. | શ્રીમતી આશા દિનેશ શાહ | ૧૦,૦૦૦/- |
| ૩. | શ્રીમતી રૂપા ચિંતરંજન શાહ | ૧૦,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખઃ શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુ ને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતી વતી શ્રી જસ્મિન બી. શેઠ તથા**
**ધર્મેશ જે. શાહ - માનદ્ મંત્રીઓ**

## પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

૧. **હિમાશું લાલચંદ મોદી**
સંજીવની કો.ઓપ.હા.સોસાયટી, પ્લોટ નંબર - ૮, રૂમ નંબર- બી-૨૩, સુવિધા સ્કૂલ પાસે, ગોરાઈ બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૧

## શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટ
### શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ
### અનુકરણીય દાન

સખાવતી દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી :

**૧. શ્રીમતી ચંદનબેન અને રમણલાલ મગનલાલ કડકિયા (લટકારી) રૂા. ૧,૦૦,૦૦૦/-**
**હસ્તે : કુસુમનબેન નવનીતલાલ કડકીયા (લટકારી) અન્ન સહાય યોજના માટે**

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારના આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખઃશાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતી વતી માનદ્ મંત્રીઓ**